## ગામના ખેડૂતે પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારીને વ્યથા પત્ર પાઠવ્યો

# જાફરાબાદનાં લોર ગામે ગૌચરમાં ભરડીયા ધમધમતા હોવાનો આક્ષેપ

એક ભરડીયાને જે જમીનની લીઝ મળી તેની આજુબાજુમાં પણ લાખો ટન પથ્થર કાઢી નખાયાનો આક્ષેપ

અન્ય એક ભરડીયો તો ગૌચર જમીનમાં તદ્દન બિનકાયદેસર રીતે ચાલતો હોવાની પણ ફરિયાદ

બ્લાસ્ટીંગ કરવામાં આવતાં આજુબાજુનાં ખેતરોને પણ વ્યાપક નુકસાન થતું હોવાનું જણાવ્યું

એશિયાટીક સિંહોની પણ અવરજવર હોવાથી તેઓનાં અસ્તિત્વ સામે પણ ખતરો ઉભો થયો



અમરેલી, તા. ૧૬

જાફરાબાદનાં લોર ગામનાં મહેન્દ્રભાઈ વરૂ અને સુરેશભાઈ વરૂએ પ્રદુષણ નિયંત્રણ બોર્ડનાં અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, જાફરાબાદ તાલુકાનાં હેમાળ ગામથી લોર ગામની વચ્ચે રોડથી ૨૦૦ મીટર દૂર ૧–૦૦–૦૦ હેકટરની લીઝ સરકાર ધ્વારા મંજૂર કરવામાં આવેલ છે હાલ આ લીઝમાં ક્રશર (ભરડીયો) બેસાડેલ છે. આ ૧–૦૦–૦૦ હેકટર લીઝ બહાર ખોદકામ કરી લાખો ટન પથ્થર કાઢી બિનઅધિકૃત વેચાણ કરી રહ્યા છે અને સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટીનું નુકસાન કરી રહ્યા છે તેમજ ૫૦૦ મીટર દૂર બીજો સ્ટોન ક્રશર યુનિટ (ભરડીયો) ગૌચરની જમીનમાં ફીટ કરી બિનઅધિકૃત બે ભરડીયા ચાલી રહ્યા છે અને આ બન્ને ભરડીયાનું ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું સર્ટિફિકેટ લેવામાં આવેલ નથી તેમજ આ બે ભરડીયા પૈકી રૂ ભરડીયો ગૌચરની સરકારી જમીનમાં ફીટ કરી બિનઅધિકૃત ખોદકામ (માઈનિંગ કામ) કરી પ્રદુષણ ફેલાવી તેમજ સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટી ચોરીનું નુકસાન કરી રહ્યા છે. આ ભરડીયામાં ૫૦ ફૂટ ઊંડા એલ્કો બ્લાસ્ટિંગ કરવાથી બ્લાસ્ટિંગથી પથ્થરો અમારી જમીનોમાં ઉડીને આવે છે તેમજ અમારૂ ગામ ગીર અભિયારણ (આંબલીયાળા રેન્જ)ની અંદર આવેલ હોવાથી અમારા ગામની સીમમાં ૩૦થી વધારે સિંહ વસવાટ કરે છે. આ ગેરકાયદેસર સ્ટોનકવોરીની પ્રાણઘાતક ખુલ્લે અને ઊંડી ખીણોના બ્લાસ્ટીંગને કારણે દેશના ગૌરવ સમાન એવા એશિયાટિક સિંહના અસ્તિત્વ પર પણ જોખમ ઉભુ થયેલ છે અને સિંહની જાનહાની થઈ રહેલ છે. કોઈપણ આડશ વગરની ઊંડી ખીણોમાં પડી જવાથી તેમજ ખાણોમાં દારૂગોળાથી દુષિત થયેલા પાણી પીવાથી અનેક વખત વન્ય જીવો અને ગામના ઢોર–ઢાંખર મરી જવાના બનાવો બનેલ છે. ધુળ તેમજ પથ્થર ઉડવાના કારણે આસપાસમાં આવેલ ખેડૂતોનાં પાકને મોટું નુકસાન કરાવી રહ્યા છે. આ ગૌચરની જમીનમાં જે ભરડીયો ફીટ કરવામાં આવેલ છે તે ભરડીયાની બાજુમાં મારી વાડી આવેલ છે તેથી મારી વાડીમાં પણ ભરડીયાની ધુળની ડમરીઓ તેમજ પથ્થર ઉડીને આવવાના કારણે ખેતીપાકને મોટું નુકસાન થઈ રહ્યું છે તેમજ ભરડીયા નજીક આવેલ જમીનમાં ખેતી કામ કરવા આવતા મજૂરો પણ પથ્થર ઉડવાના ડરનાં કારણે અમારી જમીનમાં ખેતીકામ કરવા માટે આવતા નથી. તેથી અમારા ખેતીપાકને પણ મોટું નુકસાન થતું હોય કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

## કર્મકાંડી બ્રાહ્મણ પરિવાર સહિત બહાર ગામ જતા

# અમરેલીના કે.કે. પાર્ક–ર માં બંધ રહેણાંક મકાનમાંથી તસ્કરોએ ૬ લાખનો મુદ્દામાલ ઉઠાવ્યો

### સીટી પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૬

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ કે.કે. પાર્ક–નં.૨, ગણેશ ચોકવાળી શેરી, બ્લોક નં.ઉ–૨૨માં રહેતા કમલેશભાઈ બાલાશંકરભાઈ જાની નામના કર્મકાંડી બ્રાહ્મણના બંધ રહેણાંક મકાનમાં કોઈ ચોર અજાણ્યા ચોર ઈસમોએ ગત તા.૧૫ ની રાત્રીના ૧૨ થી કલાક ૪ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક મકાની દિવાલ કુદીને મકાનમાં પ્રવેશ કરી મકાનમાં આવેલ લોખંડની ગ્રીલના મેઈન દરવાજાનો આલ્ડ્રાફનો નકુચો તોડીમકાનમાં પ્રવેશ કરી ઘરમાં પડેલા રોકડ રકમ રૂા.૫,૮૦,૦૦૦ તથા સોનાનો સાંકળી ડિઝાઈનવાળો બે તોલા વજનનો જુનો જેની આશરે કિંમત રૂા.૭૦૦૦ તથા કાળા કલરનું લેપટોપ જેની કિંમત રૂા.૧૦,૦૦૦ તથા એક કાળા કલરની પાવરબેંક કિંમત રૂા. ૧૦૦૦ મળી કુલ રૂા. ૫,૯૮,૦૦૦ના રોકડ તથા મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની તેમજ સાહેદ અમરેલી, લાઠી રોડ, અક્ષરધામ સોસાયટીમાં રહેતા અલ્પેશભાઈ ભગવાનભાઈ રાઠોડ (હરીઓમ ટિફીનવાળા)ના રહેણાંકમાં પણ તેજ રાત્રીના બે ટિફીનોની ચોરી કરી લઈ જઈ અને તે ચોરી કરેલ બન્ને ટિફીનો કમલેશભાઈ બાલાશંકરભાઈ જાનીને ત્યાં મુકી નાસી ગયાની ફરિયાદ અમરેલી સીટી પોલીસમાં નોંધાતા સીટી પીઆઈ ડી.કે. વાઘેલાએ વધુ તપાસ હાથ ધરી છે.

## ૧૦૮ સેવા દર્દીનારાયણ માટે લાભકારી

# અમરેલી ૧૦૮ દ્વારા સગર્ભાની એમ્બ્યુલન્સમાં નોર્મલ પ્રસુતિ કરાવાઈ

### મતીરાળા ગામની શ્રમિક પ્રસુતાના બાળકને બચાવાયું



અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લાના મતિરાળા ગામની વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા પરપ્રાંતિય પરિવારના મનીષાબેન કાળુભાઈ મેડા ઉંમર વર્ષ ૨૨ની મહિલાને પ્રસુતિની અસહ્ય પીડા ઉપડતા આશાવર્કર બેન દ્વારા ૧૦૮ ઈમરજન્સીને મદદ માટે કાલ કરતા અમરેલી સીટી ૧૦૮ એમ્બ્યુલન્સ મતીરાળા ગામ જવા રવાના થઈ હતી.

ઈએમટી સાગર મકવાણા તથા પાઈલોટ યોગેશભાઈ વૈદ્ય જરૂરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય પ્રસુતિનો દુઃખાવો થતાં અધુરા મહિના હોવાથી તુરંત દર્દીને જરૂરી સારવાર માટે સ્ટ્રેચરમાં લઈ એમ્બ્યુલન્સમાં અમરેલી તરફ રવાના કરવામાં આવેલ. પરંતુ દર્દી ને પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતાં ૧૦૮ના સ્ટાફ ઈએમટી સાગર મકવાણાએ અમદાવાદ હેડ ઓફિસમાં ડોકટરના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ જોખમી પ્રસૂતિ કરાવી હતી. ડિલિવરી સમયે બાળકના ગળામાં નાળ વિટળાય ગયેલ હોવાથી તથા અધુરા મહિને પ્રસૂતિ થઈ હોવાથી બાળક રડયું ન હોય, તાત્કાલીક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે કૃતિમશ્વાસ આપી બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ હતો અને માતા તથા બાળકને સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં.

આ બનાવમાં માતા તથા બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ હોય, તેમના સગા સંબંધીઓએ ૧૦૮ના કર્મચારીનો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઈમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અમરેલી ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

અમરેલી જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સ કોઈ પણ કટોકટી માટે તૈયાર છે. કોઈ બનાવ કે ઈમરજન્સી બને તો તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સીનો સંપર્ક કરવા વિનંતી કરી છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


## ૨ પરપ્રાંતિય શખ્સનું કારસ્તાન

# લાઠીનાં ભૂરખિયા માર્ગ ઉપર બાઈક ઉપર લઈ જવાતો દારૂ ઝડપાયો

### પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૬

લાઠીનાં ભુરખીયા રોડ ઉપર, રેલ્વે ફાટકની પાસે આરોપી અનિભાઈ નવલસિંહ માવી, મુળ મધ્યપ્રદેશ હાલ રહે. સમઢીયાળા, (તા. ગારીયાધાર) તથા મુકેશભાઈ કૈલાસભાઈ બુંદેડીયા, મુળ મધ્યપ્રદેશ, હાલ રહે. વિરપુર (તા. લાઠી)વાળા પોતાના હવાલાવાળા મોટર સાયકલ નંબર એમપી–૬૯ ઝેડએ ૮૫૬૦ની ટાંકી ઉપર ખાતરની પ્લાસ્ટિલની થેલીમાં વગર પાસ–પરમીટે ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની વ્હીસ્કી ૭૫૦ મી.લી.ની રીંગપેક બોટલો નંગ–૨૪ની કિંમત રૂપિયા ૭૬૮૦ તથા મોટર સાયકલ કિંમત રૂા. ૨૫,૦૦૦ મળી કુલ કિમત રૂપિયા ૩૨,૬૮૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી : સિનિયર સિટીઝન સોસાયટી દ્વારા સત્યનારાયણ ભગવાનની કથા યોજાઇ



અમરેલી, તા. ૧૬

અમરેલીમાં છેલ્લા અઢાર વર્ષથી સિનિયર સિટીઝન મંડળ ચાલે છે જેમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આમાસનાં મંડળ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવેલ.

શહેરના વિદ્વાન શાસ્ત્રી ચંદ્રેશભાઈ જોષી દ્વારા તેમની વિશિષ્ટ શૈલીમાં કથાનું રસપાન કરાવી સૌને ભકિતરસમાં તરબોળ કર્યા હતા. મહાપ્રસાદના યજમાન અનીતાબેન તથા ભોજનના સ્પોનસર હર્ષાબેન, મંગળાબેન, શારદાબહેન, વિજયા લક્ષ્મીબેન વગેરેનું અભિવાદન કરવામાં આવ્યું હતું તરૂલતાબેન દ્વારા સંચાલન અને ટોમભાઈ આગ્રાવતે આભાર વ્યકત કર્યો હતો. રાષ્ટ્રગીત બાદ કાર્યકમ પૂર્ણ થયાનું કનુભાઈ જોષીએ જાહેર થયાનું જણાવ્યું હતું.


▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ,
વ્હીલ–પ્લેટ–ઘરા, જેક–ફીલ્ટર,
ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો–રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.


## પોલીસ અધિક્ષકની સુચનથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# બગસરામાં લુંટનાં ગુન્હામાં ૧૨ વર્ષથી નાસતા–ફરતા આરોપીને ઝડપી લેવાયો

### મુંબઈનાં કાશ્મીરા વિસ્તારમાંથી દબોચી લેવાયો



અમરેલી, તા. ૧૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે બગસરા ગામમાં બાર વર્ષ પહેલાં તા. ૪/૮/૧૧ના રોજ વહેલી સવારે દુધની ડેરી ચલાવતા રાકેશભાઈ કેશુભાઈ દૂધાતની ફરસાણની દુકાનમાં કામ કરતો આરોપી અનિલ ઉર્ફે સુનિલ નામના શખ્શે પોતાના બે માણસોને મોડીરાત્રે દુધની ડેરીમાં બોલાવી પોતાના શેઠ રાકેશભાઈ કેશુભાઈ દૂધાતના મોં ઉપર ગોદડું નાંખી પાઈપ વડે માર મારી અને ડેરીના કબાટમાં રાખેલ રોકડ રકમ સાડા છ લાખની લુંટ ચલાવી બે અજાણ્યા સહિત ત્રણેય આરોપી નાશી ગયા હતાં. આ કામનો આરોપી પીન્ટુસિંહ મલખાનસિંહ તોમર, રહે. મુળ તીંદુરા (ઉત્તર પ્રદેશ) હાલ રહે.મુંબઈ, વાળો છેલ્લા ૧૨ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલ તથા પોલીસ સબ ઈન્સ. એમ.બી. ગોહિલ તથા અમરેલી એલસીબીના એએસઆઈ જાવેદભાઈ ચૌહાણ, તથા હેડ કોન્સ. નિકુલસિંહ રાઠોડ, તુષારભાઈ પાંચાણી, મનીષભાઈ જાની તથા પો. કોન્સ. રાહુલભાઈ ઢાપા,હરેશભાઈ કુંવારદાસ દ્વારા મુંબઈ, કાશમીરા વિસ્તારમાંથી મજકુર લીસ્ટેડ આરોપીને પીન્ટુસિંહ મલખાનસિંહ તોમરે પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## તસ્કરો ભોળાનાથનાં મંદિર પણ છોડતા નથી

# ધારીમાં શેત્રુંજી નદીનાં કાંઠે આવેલ જીવન મુકતેશ્વર મંદિરની દાનપેટીમાંથી રૂા. ૩૦ હજારની ઉઠાંતરી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તસ્કરની શોધખોળ આદરી

અમરેલી, તા. ૧૬

ધારી નજીક શેત્રુજી નદી કાંઠે નબાપરા વિસ્તારમાં આવેલ જીવન મુકેર મહાદેવ મંદિરની આગળના ભાગની લોખંડની ગ્રીલ તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમે મંદિરમાં અંદર અપ્રવેશ કરી મંદિરના આગળના ભાગે રાખેલ દાનપેટી મંદિરના પાછળના ભાગે આવેલ રેલ્વે પુલની બાજુમાં ખુલ્લી જગ્યામાં લઈ જઈ દાનપેટીનુ તાળુ તોડી દાનપેટી અંદર રાખેલ આશરે રૂા. ૩૦,૦૦૦ ની ચોરી કરી લઈ ગયાની ધારી પોલીસમાં ડો. કૃષ્ણ કુમારભાઈ મનહરલાલ મહેતા (રહે. રાજકોટ) વાળાએ ફરિયાદ નોંધાવી છે.

## તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીની રજૂઆત રંગ લાવી

# અમરેલીમાં આખરે ટીપી અને એમટી ગાંધી હાઈસ્કૂલથી કુંકાવાવ જકાત નાકા સુધીનાં રોડનું કામ શરૂ



અમરેલી, તા. ૧૬

છેલ્લા ઘણા સમયથી ટીપી અને એમટી ગાંધી હાઈસ્કૂલથી કુંકાવાવ જકાતનાકા સુધીના રોડની હાલત અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. લોકોની સમસ્યાને ધ્યાનમાં લઈને અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ માર્ગ અને મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરવામાં આવતા તાત્કાલિક ધોરણે કાર્યવાહી શરૂ કરી આ રોડનું કામ શરૂ કરીને લોકોને પડતી સમસ્યાઓનો અંત આવ્યો છે. જે બદલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ વહીવટી તંત્રનો આભાર વ્યકત કર્યો છે.

## માનવતા વિહીન દ્રશ્ય... ઘોર બેદરકારી, સંવેદનશીલતા જ મરી પરવારી


# હદ થઈ : સાવરકુંડલાની કે.કે. હોસ્પિટલનાં ડાયાલિસિસનાં દર્દીઓ જીવનાં જોખમે સારવાર લેવા મજબૂર

**ડાયાલિસિસનાં દર્દીઓ લિફ્ટ બંધ હોવાથી અન્યની મદદથી સેકન્ડ ફ્લોર પર જવા મજબૂર બન્યા**

**હોસ્પિટલમાં લિફ્ટ મોટાભાગે બંધ રહેતી હોવાથી દર્દીનારાયણને ડાયાલિસિસ સાથે સેકન્ડ ફ્લોર જવાની ચિંતા**

**ગાયનેક સર્જરીનો વિભાગ પણ સેકન્ડ ફ્લોર પર હોવાથી પ્રસૂતાને પણ દાદર ચડવાની પરેશાની**

**સરકારનાં અવનવા દાવાઓની પરખ કરીએ તો ગ્રાઉન્ડ ઝીરો ઉપર ઉલ્ટું ચિત્ર જોવા મળે છે**










(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલામાં આવેલ ગવર્મેન્ટ હોસ્પિટલ એટલે કે કે.કે. હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં ગરીબ પરિવારના દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. જેમાં અસંખ્ય દર્દીઓ ડાયાલિસિસ માટે નિયમિત આવે છે. ડાયાલિસિસ સેન્ટર સેકન્ડ ફ્લોર ઉપર આવેલ છે આ ઉપરાંત ગાયનેક સર્જરી વિભાગ પણ સેકન્ડ ફ્લોર ઉપર છે. સિઝેરિયન ઓપરેશન પણ ત્યાં જ કરવામાં આવે છે એટલે આ જે બહેનોને ઓપરેશન બાદ રજા આપવામાં આવે ત્યારે નીચે દાદર ઉતારવા માટે ચાર પાંચ સગા વાલાઓ એમને પણ વ્હીલચેરમાં ઊંચકીને ઉતારે ત્યારે પેશન્ટ અને સગા વાલાઓ બંને ઉપર લપસી પડવાનો ભય રહે છે અને આવી પરિસ્થિતિમાં કોણ જવાબદાર...?!! આ માટે સરકાર દ્વારા લિફ્ટની સુવિધા તો આપવામાં આવી છે પરંતુ માત્ર દૂરથી ફકત જોવા માટે છે..!! જયારથી ફીટ થઈ છે ત્યારથી બંધ હાલતમાં છે.

કે કે. હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડોકટર ક્રિષ્નાબેન હરિયાણી સાથે આ બાબતે પૂછતા તેઓએ જણાવ્યું કે, લિફ્ટ વારંવાર રિપેર કરવામાં આવે છે પરંતુ બે–ત્રણ દિવસ જ માંડ કાર્યરત રહે છે. તેમાં બહુ જાજો એટલેકે ૧,૫૦,૦૦૦ જેટલો ખર્ચ થાય તેમ છે..!! એટલે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ આ બાબતે પગલા લેવાતા નથી અને આ લિફ્ટનું કામકાજ પી.આઈ.યુ. યુનિટ એટલે કે પ્રોજેકટ ઈમ્પલિમેન્ટ યુનિટ જે ઈલેકટ્રીક વિભાગ ગાંધીનગરની નીચે આવે છે ત્યાં ગાંધીનગર પણ અવારનવાર લેખિત–મૌખિક રજૂઆતો કરી છે. લિફ્ટ માટે જરૂરી સ્ટેબીલાઈઝર જે રૂપિયા ૬૫,૦૦૦ની કિંમતનું આવે છે તે લિફ્ટમાં ઈન્સ્ટોલ કરેલ નહિ હોવાથી વારંવાર મોટર બળી જાય છે. હવે આ સુપ્રિટેન્ડેન્ટ મેડમને ડાયાલીસીસના દર્દીઓ દાદર ચઢ ઉતર કરી શકે કે નહીં..?! તેવું પુછતા તેમણે પોતે જ સ્પષ્ટ જણાવ્યું કે ના કોઈપણ સંજોગોમાં આ પેશન્ટ દાદર ચડ ઉતર કરી શકે નહીં. હવે દર્દીઓની સાથે ફરજિયાત ત્રણ–ચાર સગાઓએ અહીં આવવું જ પડે છે, કારણ કે બે માળનાં દાદરના પગથીયા પેશન્ટને વ્હીલચેરમાં બેસાડીને ચાર જણા ચારે બાજુથી ઉપાડીને એક એક પગથિયું ચઢ ઉતર કરાવે ત્યારે જ થાય.

હવે આમ કરવામાં પેશન્ટની સાથે મદદ કરવા આવેલાને પણ દાદરમાંથી લપસી પડવાનો ભય રહે છે. કેન્દ્ર સરકાર કે રાજય સરકાર ભલેને ગમે તેટલા પ્રયત્નો કરે પણ જે ગ્રાઉન્ડ જીરો ઉપર રિયાલિટી છે એટલે કે કામનું અમલીકરણ કરાવવાની વાત છે, ત્યાં તમામ સ્વપ્ન સુવિધા ભાંગીને ભૂકો થઈ જાય છે.

સ્થાનિક પદાધિકારીઓ અને સેવાકીય સંસ્થાઓના અગ્રણીઓ સમયાંતરે આવી સરકારી જાહેર આરોગ્ય સંસ્થાઓની ઔપચારિક મુલાકાત લેતા જ હોય છે. પરંતુ ફકત મુલાકાત લેવાથી વાત પૂરી થઈ જતી નથી પરંતુ ત્યાં ઈન્ડોર પેશન્ટ, તેમની સાથેના સગા વ્હાલાઓ ઉપરાંત કાર્યરત સ્ટાફને પણ અંગત રીતે પૂછપરછ કરી શું શું અસુવિધા પડે છે, તેના કારણો શોધીને તાત્કાલિક દૂર કરવા જોઈએ ત્યારે જ ખરી રીતે આ દર્દી નારાયણની સેવા કરી ગણાશે.





**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

**શ્રીનાથજી કોમ્પ્યુટર્સ** | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




**''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક**

**જોઇએ છે**

અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

કોમ્પ્યુટર ઓપરેટર....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય...........................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨












# અમરેલી : શ્રીમતિ એસ.એચ.ગજેરા DLSS શુટિંગ રમતનાં ખેલાડીઓએ નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત કર્યો












અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ DLSS ના ખેલાડીઓએ તા.૫/૧૦/૨૦૨૩ થી ૧૨/૧૦/૨૦૨૩ સુધી ૨૫ મી DLSS ઈન્ટર સ્કુલ શુટીંગ નેશનલ ચેમ્પિયનશીપમાં સિમલા (હિમાલય પ્રદેશ) ખાતે શુટીંગ સ્પર્ધામાં ધનવાણીયા પ્રણવ, લકુમ કાજલ, પરમાર ધમિષ્ઠા, રાજપરા આકાશ, હિરપરા હસ્તી, લીંબડીયા કીર્તી એ નેશનલ કક્ષાએ પાર્ટીશીપેશન કરેલ છે. જેમાં (૧) ધનવાણીયા પ્રણવ (૨) લકુમ કાજલ બન્ને ખેલાડીઓએ નેશનલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજય તથા અમરેલી જિલ્લા અને શાળા પરિવારનું નામ રોશન કર્યુ છે. તેમની આ અપ્રતિમ સિદ્ધી બદલે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, કોચ પુલ્કીતા નિમ્બાવલ તેમજ તમામ DLSS સ્ટાફ, તમામ પ્રિન્સીપાલ અને સુપરવાઈઝરએ હૃદયપુર્વક શુભકામનાં પાઠવી હતી. તેમજ આગામી સમયમાં વધુ સારૂ પ્રદર્શન કરે તે માટે તમામ ખેલાડીઓને હૃદય પુર્વક શુભેચ્છા આપી હતી.

## રાજુલા ખાતે આઈડીએસ દ્વારા કિશોરી મેળો યોજાયો



રાજુલા, તા.૧૬

રાજુલા આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા કન્યા શાળા ૩ ખાતે સશકત કિશોરી સુપોષિત ગુજરાત થીમ અંતર્ગત કિશોરી મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં કિશોરીઓને સ્વ–રક્ષણ તાલીમ અના સાયબર ક્રાઈમ વિશે જાગૃતિ તેમજ કિશોરીઓના આરોગ્યની ચકાસણી સહિત કિશોરી માટે વિવિધ સ્ટોલ અને વાનગીઓનુ પ્રદર્શન યોજાયું હતું

જેમા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા ચાલતી 'બેટી બચાવો બેટી પઢાવો યોજના અને પૂર્ણા' યોજનાના સંયુક્ત ઉપક્રમે આયોજિત તાલુકા કક્ષાના સશકત કિશોરી સુપોષિત ગુજરાત થીમ આધારિત ભવ્ય કિશોરી મેળ નું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં કાર્યક્રમનાં અધ્યક્ષ નીતાબેન ચૌહાણ તાલુકા પંચાયતના પ્રમુખ ધીરજભાઈ પુરોહિત, ધારાસભ્યના પ્રતિનિધી ચૌહાણભાઈ ખાસ હાજરી આપી હતી આ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ. વિભાગ રાજુલાનાં ઈનચાર્જ સી.ડી.પી.ઓ શોભનાબેન પંડયાના પ્રતિનિધિ જાગૃતિબેન દ્વારા તમામ મહાનુંભાવોનું શાબ્દિક સ્વાગત અને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરેલ ત્યારબાદ મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમ આગળ ધપાવવામાં આવ્યો હતો કન્યા શાળા ૩ ની બાળાઓ દ્વારા ઉપસ્થિત માનવંતા મહેમાનોનું સ્વાગત કૃતિ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું તેમજ આંગણવાડીની લાભાર્થી કિશોરી જયશ્રીબેન ખાચિયા દ્વારા પૂર્ણા યોજનાની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી સાથો સાથ આ પ્રસંગે એ.ટી.ડી.ઓ. દાનીધારીયા દ્વારા આરોગ્ય વિભાગના ગીતાબેન કાતરિયા તેમજ જયોતિબેન વચનબેન તેમજ કાનૂની સેવા સતા પ્રતિનિધિ એડવોકેટ અરવિંદભાઈ અને હેમુભાઈ રાઠોડ સમાજ સુરક્ષા અધિકારી પ્રતિનિધિ નીતાબેન જયોતિબેન, વિશાલભાઈ જોશી તેમજ ગીતાબેન, પ્રમોદભાઈ / જાગૃતિબેન,બેંક મેનેજર પટેલભાઈ, સ્વદીપ સંસ્થાના પ્રતિનિધિ ધારાબહેન, શેડી સંસ્થાના પ્રતિનિધિ મેઘાબહેન, વગેરે સંબધિત તમામ વિભાગના અધિકારી પ્રતિનિધિએ હાજર રહેલ તેમજ અલગ અલગ નવ પ્રકારના સ્ટોલનું આયોજન કરીને હાજર રહેલ દરેકે કિશોરીઓને માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડેલ, અંતમા આભાર વિધિ આઈ.સી.ડી એસ.વિભાગના કિશોરી નિયતીબેન વાઘેલા દ્વારા કરવામાં આવેલ મહિલા સુરક્ષા વિભાગના જયોતિબેન દ્વારા શ્રોતા ગણને પ્રતિજ્ઞા લેવડાવવમાં આવેલ હતી તેમજ રાજુલા ઘટકના ઈન ચાર્જ સી.ડી.પી.ઓ. શોભનાબેન પંડયાના માર્ગદર્શન નીચે ઘટકના જાગૃતિબેન ઠક્કર કલાર્ક રેખાબહેન રાઠોડ અને કન્યા શાળા ૩ ના શિક્ષિકા જાગૃતિબેન દ્વારા સમગ્ર કાર્યક્રમનું એંકરિગ કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર મોનીટરીંગ અને દેખ રેખ કર્યુ. આઈ.સી.ડી.એસ.પરિવારનાં સમગ્ર કર્મચારી ભાઈઓ અને બહેનો દ્વારા સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થા સાંભળવામાં આવી હતી તેમજ રાજુલા આઈ.સી. ડી.એસ. નાં તમામ આંગણવાડી બહેનોનાં અમૂલ્ય પ્રયત્નો અને મહેનત થકી આ કાર્યક્રમ સફળ બન્યો હતો આ કાર્યક્રમ થકી કિશોરી શક્તિનું ગોરવ વધાર્યુ છે અને એક ભારત શ્રેષ્ઠ ભારત સશકત ભારત સુપોષિત ભારત શિક્ષિત ભારતના નિર્માણનાં સૌ સહભાગી બન્યા તે બદલ તમામ આંગણવાડી બહેનોને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ.

## અમદાવાદ : મીરઝાપુર ખાતે શીતલ પાર્લરનો પ્રારંભ



અમરેલી, તા.૧૬

તા.૧૫/૧૦/૨૦૨૩ ને રવિવારે સવારે ૧૧ કલાકે ન્યુ મીરઝાપુર અમદાવાદ ખાતે શીતલ પાર્લરનું ઉદઘાટન સંપન્ન થયું હતું. આ શુભ પ્રસંગે હમીદુદીન અલીમૂદીન શેખ, મોહમ્મદ હનીફ હમીદુદીન શેખ, રઈસ એમ.વોહરા તેમજ શીતલ કુલ પ્રોડકટસ લી. તરફથી ભરતભાઈ પટેલ (એ.એસ.એમ.) બીસમ શેખ (પાર્લર મેનેજર), પરેશભાઈ પરમાર, આકાશભાઈ ત્રિપાઠી, મયુરભાઈ નાગર (એસ.એમ.ઓ.ટીમ) તથા આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવું શીતલ કુલ પ્રોડકટ્સ લી. કંપનીનાં ફ્રેન્ચાઈઝી હેડ દિપકભાઈ આર.જોષીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

## સાવરકુંડલામાં બ્રહ્મસેના દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી





સાવરકુંડલા, તા.૧૬

માઁ ની ઉપાસના અને શક્તિ ભક્તિના પર્વ પર સાવરકુંડલામાં સેવાકીય ક્ષેત્રે એવી બ્રહ્મસેના દ્વારા ૧૫૦૦ જેટલા બ્રાહ્મણ પરિવારને આપણી પ્રાચીન પરંપરાને અરવાચીન સ્વરૂપે સાકાર કરવાના હેતુથી સાવરકુંડલા શહેરમાં બ્રહ્મપુરી કાણકીયા કોલેજ રોડ ખાતે તારીખ ૧૫ ઓકટોબરથી તારીખ ૨૪ ઓકટોબર દશેરા સુધી દર વર્ષની જેમઆ વર્ષે પણ ૧૧ મો શક્તિ નવરાત્રિ મહોત્સવનું આયોજનનુ મંગળ પ્રારંભ કરવામાં આવ્યો હતો. બ્રહ્મપુરી ખાતે માઁ ભગવતીની ભક્તિ અને નવલાં નોરતાની ઉજવણીમાં તમામ ભૂદેવ પરિવાર દ્વારા માની મંગળ આરતી કરવામાં આવી. ત્યારબાદ ગરબા કરી અને માઁ ભગવતીના સર્વ ઉપર આશીર્વાદ મળી રહે એ ઉદ્દેશથી છેલ્લા દસ વર્ષથી બ્રહ્મસેના દ્વારા આ આયોજન થાય છે.

શક્તિ નવરાત્રી મહોત્સવ ના મુખ્ય સ્પોન્સર મુકેશભાઈ જોશી આશુતોષ પેટ્રોલિયમ ખાંભા રહ્યા છે.સમગ્ર મહોત્સવ બ્રહ્મસેનાના પ્રમુખ કિરીટભાઈ મહેતા તેમજ માર્ગદર્શક ચિરાગભાઈ આચાર્ય અને આ મહોત્સવના કન્વીનર હરિતભાઈ જોશી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

હવનાષ્ટમીએ પશુબલી ઘટનાની જાણ કરો

## ભારતમાં માનતાનાં નામે પશુબલી કરવી કાનુની અપરાધ : 'જાથા'

**માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે**



અમદાવાદ, તા.૧૬

ભારતમાં સદીઓથી પરંપરા, માન્યતા, રિવાજ, માનતાના નામે નૈવેધ્યમાં જીવતા પશુ–પક્ષીની બલી ચડાવવાની ગેરમાન્યતા જોવા મળે છે. અમુક જ્ઞાતિ આજે પણ પશુબલીમાં અતિ શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રિમાં આઠમ, નોમ, દશેરા, પૂનમના દિવસે પશુબલી અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાએ અભિયાન આદર્યુ છે. રાજયમાં પશુબલી ઘટનાના સંદર્ભે આધાર–પુરાવા સાથે માહિતી આપવા લોકોને અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં કાયદા પ્રમાણે પશુ–પક્ષીની બલી ચડાવવી ગુન્હાને પાત્ર છે. માનતા રાખનાર, પશુ–પક્ષીની હથીયારથી હત્યા કરનારા, તેને પ્રેરનારા, ધૂણીને કે માતાજીના નામે પશુબલીનો આગ્રહ કરનારા તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહીનો નિર્દેશ છે. પશુને ભુખ્યા રાખવા, વાહનમાં લાવવા, અમાનુષી ત્રાસ આપવા સંબંધી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવે છે. સરકારે એક પણ જ્ઞાતિ–સમાજને પશુબલી માટે માન્યતા આપી નથી કે કોઈપણ પ્રકારનો પરિપત્ર અસ્તિત્વમાં નથી. છતાં જાથાની જાણમાં આવ્યું છે કે પશુબલી મંજુરી સંબંધી પરિપત્રના અનેક સોગંદનામા કરી અંધમાન્યતામાં શ્રદ્ધા ધરાવતા લોકો પોતાની પાસે રાખી પશુબલી કોઈ અટકાવી શકે નહિ તેવો વિશ્વાસ રાખે છે વાસ્તવમાં ખોટો છે. આજે પણ કોઈપણ વ્યક્તિ, નાગરિક, જાગૃતો સરકારી તંત્રને જાણ કરે કે તુરંત પશુબલી અટકાવવા પોલીસ તંત્ર પહોંચી જાય છે. પશુબલી મંજુરી સંબંધી પરિપત્ર સંપુર્ણ ખોટો, બેબુનિયાદ, અસ્તિત્વ ધરાવતો ન હોય નિર્દોષ શ્રદ્ધાળુ કાયદાની ચુંગાલમાં ફસાય જાય નહિ તેવી જાથા માહિતી આપે છે.

વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે જાથાએ પશુબલી અટકાવવા દેશવ્યાપી અભિયાન આદર્યુ છે. નવરાત્રિમાં હવનાષ્ટમી, નોમ, દશેરા, પૂનમના દિવસે આજે પણ અમુક જ્ઞાતિ માનતા પ્રમાણે પશુબલીનો ધાર્મિક કાર્યક્રમ, માંડવો રાખે છે તે અટકાવવા જાથા કટિબદ્ધ છે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમણે આધાર–પુરાવા સાથે માહિતી આપ્યા પછી ખરાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ અટકાવવા સંબંધી તંત્રને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવશે. જાથાના અનુભવ પ્રમાણે અંગત રાગ–દ્વેષના કારણે હેરાન કરવાવાળા ખોટી માહિતી આપે છે.

જાથા કોઈપણ સમાજની લાગણી દુભાવવા માંગતું નથી. આજ સુધી કોઈપણની ધાર્મિક લાગણી દુભાવી નથી. કાયદાની મર્યાદામાં કામગીરી કરવામાં આવે છે. રાજયમાં પશુબલી ઘટના સંદર્ભે માહિતી સરકારી તંત્ર અને વિજ્ઞાન જાથાને આપી નિર્દોષ પશુ–પક્ષીની હત્યા અટકાવવામાં નાગરિક ધર્મ બજાવવા લોકોને અપીલ કરવામાં આવે છે.

વધુમાં પંડયા જણાવે છે કે પશુ–પક્ષીની બલી ચડાવવી સામાજિક કલંક છે. નિર્દોષ પશુની હત્યાના બદલે મીઠા નિર્વેધ્ય શાકાહારી કરી શકાય છે. અમુક જ્ઞાતિએ ફેરફાર કરીને પશુબલી સદંતર બંધ કરી દીધી છે તેને જાથા આવકારે છે. અમુક ભુવા–માનતાનું જડતાપૂર્વક વર્તન કરી, માતાજી નારાજ, કોપાયમાન થાય તેવો ડર–ભાય બતાવી પશુબલીનો આગ્રહ રાખે છે તેમાં ફેરફાર કરાવવો જ્ઞાતિના સમાજ સુધારકની ફરજ છે.

રાજયમાં જિલ્લા કક્ષાની કાર્યવાહી કમિટી બનાવી છે તે જીલ્લામાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, બારડોલી, નવસારી, વલસાડ, વાપી, ડાંગ, આહવા, ગોધરા, પંચમહાલ, ભુજ–કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અરવલ્લી, તાપી, રાજપીપળા વિગેરે જિલ્લા – તાલુકા મથકોએ માનતાના નામે પશુબલીની ઘટના સંદર્ભે કામગીરી સંભાળશે. જાથાના રાજુભાઈ યાદવ, નિર્ભય જોશી, રવિ પરબતાણી, વિનુભાઈ ઉપાધ્યાય, પ્રમોદ પંડયા, વિનોદ વામજા, નાથાભાઈ પીપળીયા, મહેશ પટેલ, કિશોરગીરી ગોસાઈ, ભરત પંડયા, અંકલેશ ગોહિલ, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે સદસ્યો જિલ્લા મથકોએ આવેલી માહિતીની ખરાઈ કરી પશુબલી અટકાવવા સંબંધી કાર્યવાહી કરવાના છે.

અંતમાં પશુબલીની આધાર–પુરાવા સાથે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ આપવા અનુરોધ છે.

# અમરેલીમાં નવરાત્રિ મહોત્સવમાં આરતી અને દર્શનનો લાભ લેતા દિલીપ સંઘાણી









સૃષ્ટિ રચનાની શકિત ઉપાસનાં પર્વ એટલે નવરાત્રી, મા–ના સાંનિધ્યે ભકિતભાવ અપર્ણ કરવાનાં વિશ્વનાં સૌથી મોટી અને મહત્વનાં આ ઉત્સવને ખેલૈયાઓ અને અબાલવૃધ્ધો સૌ ભકિતભાવથી ઉજવે છે. અમરેલી શહેર ખાતે વિવિધ સ્થાનો પર ઉજવાતા આ ધર્મોત્સવમાં રાષ્ટ્રિય સહકારી આગેવાન દિલીપ સંઘાણી સ્વજન વ્યકિતત્વનો પરિચય આપ્યો હતો. સંઘાણી પરિવાર દ્વારા વર્ષોથી ઉજવાતી નવરાત્રીની પરંપરામાં સુખનાથ પરા ખાતે પ્રથમ નોરતે માતાજીની સહપરિવાર આરતી ઉતારી ત્યારબાદ ખોડલધામ નવરાત્રી મહોત્સવ અને સરદાર પટે ગૃપ અને સુખનાથ મંદિર ચોક યુવક મડળ ગરબીમાં દર્શન અને આરતીનો લાભ લીધેલ. પરિવાર હોય કે, પ્રજાજન દિલીપ સંઘાણી જમીનસ્તરે સતત જોડાયેલા રહે છે. તેની પ્રતિતિ સૌ કોઈને જોવા મળી, આ તકે દિલીપ સંઘાણીની સાથે, ફતેપુરના મહંત ભકિતરામ બાપુ, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, મનીષભાઈ સંઘાણી, વસંતભાઈ મોવલીયા, શિતલ આઈસ્ક્રીમના ભુપતભાઈ ભુવા, રમેશભાઈ કાથરોટીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલીકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, અમરેલી નાગરિક બેંકનાં ચેરમેન જયેશભાઈ નાકરાણી, શૈલેષભાઈ પરમાર, સંજયભાઈ રામાણી, ધાર્મીકભાઈ રામાણી, ડેનીભાઈ રામાણી, દયાળભાઈ સંઘાણી, પ્રેમજીભાઈ નાકરાણી, કેતનભાઈ સોની, મયુરભાઈ માંજરીયા, નિમેશભાઈ બાંભરોલીયા, દિલાભાઈ વાળા, સુરેશભાઈ દેસાઈ સહિતનાં લોકો ગરબી મંડળની મુલાકાત સાથે જોડાયા હતા તેમ યાદીમાં જણાવાયેલ છે.

# સાવરકુંડલા : જિલ્લા ભાજપા ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાએ ગરબી મંડળોની મુલાકાત લીધી



શક્તિ સાથે ભક્તિની આરાધનાનું પળો એટલે નવરાત્રીના પાવન પવિત્ર દિવસે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા સાવરકુંડલા શહેરમાં પટેલ જ્ઞાતિ સમાજ આયોજિત નવરાત્રી મહોત્સવ, કૃષ્ણ રાસ મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવ, દાસારામ યુવક મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવ, ધોબી જ્ઞાતિ સમાજ આયોજિત નવરાત્રી મહોત્સવ, કૃષ્ણ ગૌશાળા આયોજિત નવરાત્રી મહોત્સવ,ભગતસિંહ યુવા ગ્રુપ આયોજિત નવરાત્રી મહોત્સવ, ખોડીયાર ૧૨ રાસ મંડળ આયોજિત નવરાત્રી મહોત્સવ વિવિધ ગરબીઓ માં ઉપસ્થિત રહીને મા જગદંબાની સ્તુતિ આરાધના કરીને ગરવી ગુજરાતની ઓળખ ગરબાનો આનંદ માણ્યો. આ તકે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા સાથે નગરપાલિકા દંડક અજયભાઈ ખુમાણ, નગરપાલિકા સદસ્ય પતિ ભુપતભાઈ પાનસુરીયા, નગરપાલિકા સદસ્ય, ભાવેશભાઈ કવા, નગરપાલિકા સદસ્ય કમલેશભાઈ રાનેરા, નગરપાલિકા સદસ્ય હરિભાઈભરવાડ,અમરેલી જિલ્લા ભાજપ માલધારી સેલ પ્રમુખ મયુરભાઈ રબારી, તાલુકા ભાજપ મહામંત્રી નીતિનભાઈ નગદીયા, શહેરીઓ ભાજપ મહામંત્રી ધર્મેન્દ્રભાઈ જોષી, સોમનાથ યુવા ગ્રુપના પ્રમુખ દેવર્ષિભાઈ બોરીસાગર, ઉપપ્રમુખ વિજયભાઈ આહીર, ભાજપ અગ્રણી સવજીભાઈ ચૌહાણ, એ.બી યાદવ, મંગુભાઈ વાળા સહિતના આગેવાનો દ્વારા વિવિધ ગરબીઓના દર્શન કરી માઁ ની આરાધના કરવામાં આવી હતી. આ તકે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આજથી શરૂ થતી નવરાત્રીનો ગુજરાતમાં અનેરો ઉત્સાહ હોય છે. ભક્તિ, શક્તિ અને સાત્વિક નૃત્યનો સમન્વય એવા ગરબા આપણી પરંપરાનું એક મુખ્ય અંગ છે.

### શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં

## અમરેલી ખાતે યોજાયેલ હિમોગ્લોબીન ચકાસણી કેમ્પમાં ૪૭૦૦ વિદ્યાર્થીઓની ચકાસણી કરાઈ

### રાજકોટની બી.ટી.સવાણી હોસ્પિટલ દ્વારા સેવાકાર્ય થયું



અમરેલી તા.૧૬

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે તા.૧૫/૧૦/૨૦૨૩ના રોજ રાજકોટ બી.ટી.સવાણી હોસ્પિટલ દ્વારા નિઃશૂલ્ક હિમોગ્લોબીન ચકાસણી કેમ્પ રાખવામાં આવેલ સંસ્થાની હોસ્ટેલ નિવાસી ૪૭૦૦ સ્ટુડેન્ટનું હિમોગ્લોબીન ચકાસણી કરેલ સંસ્થાનાં નિયામક મનસુખભાઈ ધાનાણીનાં માર્ગદર્શન નીચે આયોજન થયેલ સાથે સંસ્થાનાં ડાયરેકટર વલ્લભભાઈ કોલડિયાભાઈ સાથે રહેલ બી.ટી.સવાણી કીડની હોસ્પિટલનાં વાઈસ ચેરમેન શાંતિભાઈ ફળદુ વ્યકિતગત દરેક હોસ્ટેલ વિભાગની ચકાસણીમાં દરેક ને માર્ગદર્શન આપેલ સાથે હોસ્પિટલનો ૧૦ લેડીસ સ્ટાફે કામગીરી બજાવેલ અમેરિકા સ્થિત સંસ્થાનાં પ્રમુખ ભાણજીભાઈ કુંડારીયાની સુચના મુજબ સંસ્થા તરફથી ચકાસણી બાદ જરૂરિયાત મુજબ દરેકને ફ્રી માં દવા પણ પુરી પડેલ છે. છેલ્લા છ વરસથી સંસ્થા તરફથી સંકુલ સ્ટુડન્ટને લાભ મળે છે.

સંસ્થાનાં પ્રમુખ મનુભાઈ ઠુંમ્મર ઉપપ્રમુખ પ્રતાપભાઈ જોગાણી મંત્રી મનુભાઈ ડાવરિયા તથા તમામ ટ્રસ્ટીગણ સંકુલની વિદ્યાર્થીની ઓને આ લાભ આપવા બદલ બી.ટી.સવાણી હોસ્પિટલ મેનેજમેન્ટનો આભાર માને છે. તેમ સંસ્થા વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

## અમરેલી ખાતે ઝોનકક્ષાની સાહસિક પ્રવૃતિઓની તાલીમ શિબિર યોજાશે

અમરેલી તા.૧૬

રાજય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, હેઠળની કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અન્વયે અમરેલી જિલ્લામાં ઝોનકક્ષા સાહસિક પ્રવૃત્તિઓના તાલીમ કોર્ષ માટે ઈચ્છુક યુવક – યુવતીઓ માટે ૫ દિવસની નિવાસી તાલીમ શિબિરનું આયોજન આગામી દિવસોમાં થનાર છે.

યુવાનોમાં સાહસિકતાના ગુણો વિકસે અને આવી પડેલ પુર,આગ, ભૂકંપ,જેવી હોનારતોમાં આપાતકાલીન સમયમાં જિલ્લાના યુવાનોની જેતે જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટને મદદ મળી રહે તેઆશયથી, સાહસિક પ્રવૃત્તિઓના તાલીમ કોર્ષ માટે ઈચ્છુક યુવક યુવતીઓ માટે નિવાસી શિબિરનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

આ શિબિરમાં અમરેલી જિલ્લાના યુવક યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. જિલ્લાના યુવક યુવતીઓ કે જેમની ઉંમર તા. ૩૧/૧૨/૨૦૨૩ નાં રોજ ૧૫ થી ૩૫ વર્ષની હોય તેમણે અત્રેની કચેરીના બ્લોગ પોસ્ટ dydoamreli. blogspot. com પરથી અથવા અત્રેની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી પરથી રૂબરૂ ફોર્મ મેળવી શકશે. જેમાં યુવક યુવતીઓએ ૧) પોતાનું નામ – સરનામું, મોબાઈલ નંબર ૨) જન્મ તારીખ ૩) શૈક્ષણિક લાયકાત ૪) વ્યવસાય ૫) એન.સી.સી,પર્વતા રોહણ, રમત ગમત, સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત ૬) શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું દાક્તરી પ્રમાણપત્ર ૭) વાલીનું સંમતિ પત્રક ૮) પાસપોર્ટ ફોટો ૯) ઓળખ કાર્ડ ૧૦) અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી સાથે જોડવી.અરજી કરવા માટેની છેલ્લી તારીખ ૦૪/૧૧/૨૦૨૩ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન,બ્લોક સી, રૂમ નંબર ૧૧૦–૧૧૧,અમરેલીને મોકલી આપવાની રહેશે.અધુરી વિગત સાથેની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં, પસંદગીસમિતિ દ્વારા યોગ્યતા ધરાવનારની પસંદગી કરવામાં આવશે. પસંદગી પામેલ યુવક યુવતીને ફોન,પત્ર દ્વારા જાણ કરવામાં આવશે. ભાગ લેનાર યુવક યુવતીઓને નિવાસ, ભોજનની વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી,અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ખાંભા ખાતે સશક્ત કિશોરી મેળાનું સુંદર આયોજન થયું



ખાંભા, તા.૧૬

ખાંભા કુમાર શાળાનાં પ્રાંગણમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા ચાલતી 'બેટી બચાવો બેટી પઢાવો યોજના અને પૂર્ણા' યોજનાના સંયુક્ત ઉપક્રમે આયોજિત તાલુકા કક્ષાના સશકત કિશોરી સુપોશિત ગુજરાત થીમ આધારિત ભવ્ય કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં કાર્યક્રમનાં અધ્યક્ષ તાલુકા પંચાયતના પ્રમુખ ભીખાભાઈ સરવૈયા ખાસ હાજરી આપી હતી આ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ.વિભાગ ખાંભાનાં સી.ડી.પી.ઓ. દક્ષાબેન ભટ્ટ દ્વારા તમામ મહાનુંભાવોનું શાબ્દિક સ્વાગત અને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરેલ તેમજ આંગણવાડીની લાભાર્થી કિશોરી રોશનીબેન ચુડાસમા દ્વારા પૂર્ણા યોજનાની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી

સાથો સાથ આ પ્રસંગે આરોગ્ય વિભાગ, આઈ.ટી.આઈ વિભાગ, ગૃહ વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ, મહિલા કલ્યાણ વિંગ, શિક્ષણ વિભાગ, બેંક વિભાગ, કૃષિ વિભાગ, વગેરે જેવા વિભાગોએ હાજર રહી અલગ અલગ નવ પ્રકારના સ્ટોલનું આયોજન કરીને હાજર રહેલ દરેક કિશોરીઓનું ગોરવ વધાર્યુ હતું.

આ પ્રસંગે ખાંભાના સરપંચ બાબા ભાઈ ખુમાણ પી.એસ.આઈ. હડીયા અને ખાંભાના મામલતદાર રામ એ ખાસ હાજરી આપી તમામ કિશોરી બહેનોને પ્રોત્સાહિત કરેલ હતી સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ આઈ.સી.ડી.એસ. વિભાગનાં એમ.એસ.બહેન નમ્રતાબેન ડી. ચાવડા દ્વારા કરવામાં આવેલ આઈ.સી.ડી.એસ વિભાગના એમ. એસ. દિવ્યાબેન ડી.તરસરિયા દ્વારા શ્રોતા ગણને પ્રતિજ્ઞા લેવડાવવમાં આવેલ હતી તેમજ ખાંભા આઈ.આર.ડી વિભાગના અશ્વિનભાઈ ટાપણીયા દ્વારા સમગ્ર કાર્યક્રમનું એંકરિગ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર મોનીટરીંગ અને દેખ રેખ કર્યું આઈ.સી.ડી.એસ.પરિવારનાં સમગ્ર કર્મચારી ભાઈઓ અને બહેનો દ્વારા સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થા સાંભળવામાં આવી હતી તેમજ ખાંભા આઈ.સી.ડી.એસ.નાં તમામ આંગણવાડી બહેનોનાં અમૂલ્ય પ્રયત્નો અને મહેનત થકી આ કાર્યક્રમ સફળ બન્યો હતો આ કાર્યક્રમ થકી કિશોરી શક્તિનું ગોરવ વધાર્યુ છે અને એક ભારત શ્રેષ્ઠ ભારત સશકત ભારત સૂપોશિત ભારત શિક્ષિત ભારતના નિર્માણનાં સર્વ સહભાગી બન્યા તે બદલ તમામ આંગણવાડી બહેનોને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

### અમરાપુર અને દેવગામ પ્રાથમિક શાળામાં

## લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા લાયન્સ પુસ્તકાલય અર્પણ સમારોહ યોજાયો


### લાયન્સ કલબના હોદ્દેદારો ઉપસ્થિતિ રહ્યાં



અમરેલી, તા. ૧૬

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા અમરાપુર પ્લોટ તથા દેવગામ પ્રાથમિક શાળામાં લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબ અર્પણ સમારોહ યોજાયો. લાયન્સ કલબ દ્વારા આ બન્ને પુસ્તકાલયો કાયમી ધોરણે પ્રસ્તાપિત કરેલ બન્ને પુસ્તકાલયોમાં આશરે સંસ્કાર પ્રેરિત ૪૫૦ જેટલો પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવેલ છે. કાર્યક્રમોની શરૂઆતમાં સ્વાગત બાદ પ્રાંસગિક પ્રવચનો થયેલ પુસ્તક અને પુસ્તકાલનું મહત્સ જણાવવામાં આવેલ. લાયન્સ કલબ દ્વારા આ એક પ્રેરણાદાય અને ઉપયોગી કાર્ય થયેલ આ તકે લાયન્સ પ્રમુખ કૌશિક હપાણી, કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, સેક્રેટરી દિવ્યા સોજીત્રા, ખજાનચી રજનીકાંત ધોરાજીયા, રાજુભાઈ પરિખ, નિલેશભાઈ ઠુમ્મર, ધનશ્યામ હપાણી, નિલેશ હીરપરા, હિતેષ સોલંકી, સરપંચ પ્રભાતભાઈ લાવડીયા, સંજયભાઈ વાળા, સરપંચ મગનભાઈ કાનપરિયા, રમેશભાઈ ભીમાણી, નિલેશભાઈ ખોયાણી, મિતાબેન કવા, રાજેશ ઝાલાવાડીયા તેમજ શાળાઓનાં સ્ટાફ અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં હાજર રહયા હતા. લાયન્સ ડીસ્ટ્રીકટ ૩૨૩ જેમાં આ પ્રસ્તાપિત કરેલ પુસ્તકાલયને શુભેચ્છા પાઠવેલ છે. તેમ લા. રાજુભાઈ પરિખ જણાવે છે.

## સાવરકુંડલાનાં દેવળા ગેઈટ વિસ્તારમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ




સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલા શહેરમાં પ્રાચીન અને પરંપરાગત નવરાત્રી બનાવવામાં આવે છે મા જગદંબાની આરાધના કરવામાં આવે છે છેલ્લા ૭૫ વર્ષથી આ રીતે ઉજવાથી નવરાત્રિમાં છેલ્લા ૪૦ વર્ષથી માતાજીની પૂરા કદની હલનચલન વાળી યાંત્રિક મૂર્તિઓ બનાવી નવરાત્રી ઉત્સવ મનાવાય છે. ત્યારે આ વિસ્તારના મૂર્તિકાર કનુભાઈ રાઠોડ ઉર્ફે ભાંગલ છેલ્લા ૪૦ વર્ષથી માતાજીની મૂર્તિઓ બનાવવા માટે નવરાત્રી પહેલા જ ચારમહિના અગાઉ જય ખોડીયાર બાળ મંડળના મિત્રોના સહકારથી આ મૂર્તિની તૈયારી કરતા હોય છે આ વર્ષે ૧૫ ફૂટનું એક મહાકાય શ્રીફળ બનાવવામાં આવ્યું છે જે શ્રીફળ ખુલે અને અંદરથી મહાલક્ષ્મી માતા બહાર નીકળે છે એ મૂર્તિ બનાવવામાં આવી છે જમીનમાં ૧૦ ફૂટ ઊંડો ખાડો કરી હાઈડ્રોલિક અને યાંત્રિક ગોઠવણીથી આ પ્લોટ ઉભો કરવામાં આવ્યો છે દર વર્ષે આવી હલનચલન વાળી તમામ દેવી ઓની પ્રતિમાઓ બનાવવામાં આવે છે.

સાવરકુંડલાના દેવળા ગેટ સર્વોદય નગર ખાતે અદભુત લાઈટિંગ ગોઠવી શ્રીફળ માંથી મહાલક્ષ્મી માતાજી ની મૂર્તિ પ્રગટ થાય છે એ દ્રશ્ય જોવા માટે સાવરકુંડલા શહેર અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકો જોવા આવે છે દર્શન કરવા આવે છે અને હજારો લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. છેલ્લા ૪૦ વર્ષથી સાવરકુંડલા શહેરીજનો ગૌરવ અનુભવે છે કે અમારા શહેરમાં આવા માતાજીના આબેહૂબ અને અદભુત દર્શન કરી અમે ધન્યતા અનુભવીએ છીએ ત્યારે શ્રીફળ ખુલે અને અંદરથી માતાજી પ્રગટ થાય એવી આ વર્ષે યાંત્રિક હલનચલન વાળી મૂર્તિ જોઈ ખૂબ જ અભિભૂત થઈ જવાય છે ત્યારે દર્શનાર્થીઓની ભીડ ઉમટી પડે છે અને દર્શનાર્થીઓ પણ દર્શન કરીને ધન્યતા અનુભવે છે. સાવરકુંડલા શહેર અનેક બાબતોમાં વિ વિખ્યાત બન્યું છે. ઈંગોરિયાની લડાઈ હોય કે વિ વિખ્યાત વજન કાંટા પણ સાવરકુંડલામાં જ બને છે અને નવરાત્રીમાં શહેરમાં અનેક જગ્યાએ માતાજીની અદભુત મૂર્તિઓ માટે પણ સાવરકુંડલા જાણીતું થયું છે ત્યારે હલન ચલન વાળી પૂરા કદની યાંત્રિક મૂર્તિઓ અને માતાજીની આસ્થા ટકાવી રાખવાના સાવરકુંડલા મંડળીઓ એ જાળવી રાખી છે જે નિર્વિવાદ સત્ય છે.

# બાબરાના જલારામ મંદિર ખાતે કાઠી ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં આવેલ જલારામબાપાનાં મંદિર ખાતે તા.૧૫ ને રવિવારનાં રોજ બોપરના ૪ કલાકે વડીલોનાં હાથે દીપ પ્રાગટય કરી મીટીંગની શુભ શરૂઆત કરવામાં આવી હતી. કાઠી ક્ષ્રયિ સમાજ દ્વારા એક ભવ્ય મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં બાબરા શહેર તેમજ તાલુકાનાં કાઠી ક્ષત્રિય સમાજના યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આ મિટિંગમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં શિક્ષણ અને સંગઠન અને વ્યસન મુકિત પર ભાર આપવામાં આવ્યો. હતો. તેમજ મિટિંગ દરમિયાન યુવાનોને સંગઠનમાં જોડવામાં આવ્યા હતા. અને સમાજના સુખ દુઃખનાં કામમાં અડધી રાતે ખભે ખભો મિલાવીને ઉભા રહે એવા સમાજના યુવાનોને સંગઠનમાં જોડી એક નવી પહેલ કરવામાં આવી હતી. તેમજ સમાજની એકતા જળવાય તેમજ સમાજ સંગઠિત થાય. સમાજનાં યુવાનો સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધે એવા જુદા–જુદા હેતુથી મિટીંગમાં ચર્ચા કરવામાં આવી હતી. તેમજ શહેર તેમજ તાલુકાના ગામડાઓમાં કોર કમિટિ યુવાની રચના કરવાની પણ ચર્ચા કરી આગામી મિટિંગમાં યુવાનોને હોદાઓ પણ આપવામાં આવશે. મીટીંગમાં મોટી સંખ્યામાં કાઠી ક્ષત્રિય સમાજનાં ભાઈઓને ઉપસ્થિત રહયાં હતા.

# અમરેલી રેડક્રોસ દ્વારા પી.પી. સોજીત્રા, ચેતન રાવળ અને કમલેશ ગરાણીયાની નાગરિક બેન્કનાં ડીરેક્ટર તરીકે વરણી થતાં કરાયેલ બહુમાન





અમરેલી રેડક્રોસ બ્રાન્ચના હોદેદારો–વાઈસ ચેરમેન પી.પી. સોજીત્રા, ટ્રેઝરર એડવોકેટ ચેતનભાઈ રાવળ તથા એકઝીકયુટીવ કમિટી મેમ્બર કમલેશભાઈ ગરાણીયાની તાજેતરમાં અમરેલી નાગરિક સહકારી બેંકના ડીરેકટર તરીકે વરણી થઈ છે. અમરેલી રેડક્રોસ સંચાલિત હંસાબેન ગાંધી બ્લડ બેન્કમાં સેવા આપતાં આ ત્રણેય હોદેદારોને સન્માનવાના એક સમારંભનું આયોજન તા. ૧૩ ઓકટોબરના શુક્રવારે રેડક્રોસ ભવન ખાતે કરવામાં આવેલ. અમરેલી રેડક્રોસના હોદેદારો, ડોકટરો તથા શહેરના અન્ય પ્રતિષ્ઠિત નાગરિકો દ્વારા આ ત્રણેય મહાનુભાવોનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે તાજેતરમાં જ અમરેલી નગરપાલિકાની ગુમાસ્તા અને વ્યવસાય વેરા સમિતિના ચેરમેન તરીકે નિયુકત કરાયેલ તુલસીભાઈ મકવાણાનું સન્માન પણ કરવામાં આવેલ. આ તકે અમરેલી રેડક્રોસના ચેરમેન ડો. ભરત કાનાબારે આ ત્રણેય સન્માનિત મહાનુભાવો દ્વારા રેડક્રોસમાં તેમજ અન્ય સંસ્થાઓના માધ્યમથી કરાતાં સેવાકાર્યોનો ઉલ્લેખ કરી ભવિષ્યમાં તેમના દ્વારા આજ રીતે સમાજ સેવાના કાર્યો થતાં રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. રેડક્રોસના વાઈસ ચેરમેન પી.પી. સોજીત્રાએ તાજેતરમાં જ તેમના જન્મદિન નિમિત્તે અમરેલીની વિવિધ સંસ્થાઓએ તેમની રકતતુલા કરેલ અને શહેરની સવાસો જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેમનું જે ભવ્ય સન્માન કરાયું તે માટે આભારની લાગણી વ્યકત કરી હતી. પી.પી. સોજીત્રાએ તેમના જન્મદિને ૧ કરોડના દાનથી પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનની રચના કરવાની જે વાત કરી હતી તે મુજબ તેમણે ફાઉન્ડેશનની ટ્રસ્ટ એકટ નીચે રજીસ્ટર કરાવવાની કાર્યવાહી આરંભી દીધી છે તેની માહિતિ આપેલ. સન્માન સમારંભના આ કાર્યક્રમમાં રેડક્રોસના પ્રેસીડેન્ટ ડો. પીયુષભાઈ ગોસાઈ, વાઈસ પ્રેસીડેન્ટ વર્ષિલભાઈ ગાંધી, ડો. એસ.આર. દવે, અમરેલી યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, અમરેલી નાગરિક બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, ડો. હર્ષદભાઈ રાઠોડ, ડો. એચ.કે. ગાંધી, રેડક્રોસના મધુભાઈ આજુગીયા, ડો. રાજુભાઈ કથીરીયા, શીતલ ઈન્ડસ્ટ્રીઝના દિનેશભાઈ ભુવા, બીપીનભાઈ ગાંધી, નરેશભાઈ કોરડીયા, ડો. ભરતભાઈ પાડા, એડવોકેટ બકુલભાઈ પંડયા, જે. એલ. સોજીત્રા, મુજફરહુસેન સૈયદ, એ.ડી. રૂપારેલ, જીતુભાઈ ગોળવાળા, જગદિશભાઈ સેલાણી, આર્કિટેકટ વનરાજભાઈ પટેલ, વિપુલભાઈ ભટ્ટી, અરવિંદભાઈ સીતાપરા, રીતેશભાઈ સોની, રોહીતભાઈ જીવાણી, સરલાબેન દવે, બાલાભાઈ સોજીત્રા, સિકંદરખાન પઠાણ, જોગીભાઈ પેન્ટર, ડી.જી. મહેતા, યોગેશભાઈ કોટેચા, હરેશભાઈ સાદરાણી, ટોમભાઈ અગ્રાવત, મુસ્તાકભાઈ તેલી, આશાબેન દવે, ખુશ્બુ કાનાબાર, તેજસભાઈ દેસાઈ, ડો. જાની, તરંગભાઈ પવાર, અનિલભાઈ ઠાકર, આસિત ઝીંઝુવાડીયા, ડો. નીલેશભાઈ ભીંગરાડીયા, કિરણભાઈ નાંઢા, મિશ્રા (માસ્તર), મન્સુરભાઈ ગઢીયા, આકાશ અગ્રાવત, હીરેનભાઈ મહેતા, મનીષભાઈ તથા મુન્નાભાઈ મોરઝરીયા, રાજુભાઈ પ્રેસ, ખીમચંદભાઈ, તુષારભાઈ જોષી, નયનભાઈ જોષી (બેદી), શૈલેષ પોપટ, મુનાફભાઈ કાઝી તથા રેડક્રોસ સ્ટાફ જોડાયો હતો.


## જાહેર હરરાજી

**શાપર ગ્રામ પંચાયત – તા. બગસરા, જિ. અમરેલી.**

**આંગણવાડી હોલના ઇમલાની જાહેર હરરાજી**

જિલ્લા પંચાયત કચેરી અમરેલીનાં હુકમ નં. આઈ.સી.ડી.એસ./એસ.એ./બાંધકામ/૦૯/૨૦૨૩ અનુસાર શાપર ગામે આંગણવાડી કોડ નં.–૮૯ ના ઈમલાની જાહેર હરરાજી.

આથી રસ ધરાવતી પાર્ટીને આ જાહેર હરરાજીથી જાણ કરવામાં આવે છે કે, શાપર ગ્રામ પંચાયત તા. બગસરા, જિ. અમરેલીના આંગણવાડીને જમીનદોસ્ત કરી જુના ઈમલાની **જાહેર હરરાજી તા. ૧૯/૧૦/૨૦૨૩, ગુરૂવાર, સમય : બપોરનાં ૪ કલાકે રાખવામાં આવેલ છે.** અપસેટ કિંમત રૂપિયા ૮,૦૦૦/– (આઠ હજાર) સાથે આધારકાર્ડની ઝેરોક્ષ સાથે સમયસર હાજર રહેવુ. હરરાજી મંજૂર થયે તરત ત્યાં જ પુરી રકમ રોકડમાં ભરવાની રહેશે અન્ય શરતો રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

**તલાટી કમ મંત્રીશ્રી**
**શાપર ગ્રામ પંચાયત**
**તા. બગસરા, જિ. અમરેલી.**

**સરપંચશ્રી**
**શાપર ગ્રામ પંચાયત**
**તા. બગસરા, જિ. અમરેલી.**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૫૮૦ |
| ૨ | મગફળી | ૧૨૩૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૧૫ | ૩૦૯૫ |
| ૪ | મગ | ૧૫૭૦ | ૧૬૫૦ |
| ૫ | અડદ | ૧૫૩૫ | ૧૭૧૫ |
| ૬ | ઘઉં | ૪૪૮ | ૪૯૨ |
| ૭ | સોયાબીન | ૭૯૨ | ૮૩૮ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૫ | ૧૫૨૨ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૪૯૧ | ૪૯૧ |
| ૪ | ચણા | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૫ | અડદ | ૧૭૨૫ | ૧૭૨૫ |
| ૬ | ચોળી | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૭ | શીંગ દાણા | ૧૪૪૦ | ૧૫૧૫ |
| ૮ | એરંડા | ૯૭૫ | ૯૭૫ |
| ૯ | સોયાબીન | ૭૨૬ | ૮૫૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૫ | ૧૩૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૩ | ૧૪૪૦ |
| ૩ | શીંગદાણા | ૧૧૨૦ | ૧૬૨૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૩૩૪૦ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૪૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૫૨૨ | ૩૫૨૨ |
| ૭ | બાજરો | ૩૫૬ | ૪૧૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૯૩ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૩ | ૫૬૧ |
| ૧૦ | મગ | ૧૬૦૦ | ૨૧૨૦ |
| ૧૧ | અડદ | ૧૩૦૦ | ૧૯૮૦ |
| ૧૨ | ચણા | ૮૭૫ | ૧૨૦૨ |
| ૧૩ | તુવેર | ૮૫૦ | ૧૮૮૫ |
| ૧૪ | કપાસ | ૯૦૦ | ૧૫૬૧ |
| ૧૫ | જીરૂ | ૮૭૦૦ | ૧૦૫૫૦ |
| ૧૬ | ધાણા | ૮૦૦ | ૧૦૬૦ |
| ૧૭ | સોયાબીન | ૬૭૦ | ૯૦૬ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીને દિવાળી પહેલા

વિભાગ અને અન્ય સંકિલન વિભાગો સાથે યોજાયેલી બેઠકમાં વિકાસકામોનો વિગતવારે રિવ્યુ કરવામાં આવ્યો છે. ખાસ કરીને દિવાળીને તહેવારો માથે હોવાથી શહેરને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે વિશેષ સૂચના આપવામાં આવી છે. અમરેલી નગરપાલિકાના અધિકારીઓને નાયબ દંડકે રોડ કિલયનરન્સ, ધાર્મિક સ્થળોની સાફ સફાઈ અને તહેવારોમાં રોશની કરવાની સૂચના આપી છે. આ ઉપરાંત કચરો યોગ્ય સ્થળે ન ફેંકે તેમના પર શિક્ષાત્મકકાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. શહેરના મુખ્ય માર્ગો અને સર્કલના સમારકામ સાથે રોશની કરી અને તહેવારોમાં અમરેલી નગરને સુશોભિત કરવાનું આયોજન કરવા માટે જણાવાયું છે. નગરપાલિકાના દૂષિત પાણીનો પ્રશ્ન, સાફ સફાઈ બાબતે મુખ્ય માર્ગો તેમજ આંતરિક શેરીઓમાં ડોર ટુ ડોર ઘન કચરા કલેકશનની વ્યવસ્થા કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

અમરેલી રીંગ રોડના જમીન સંપાદનને લગતા કાર્યો અંગે સમીક્ષા કરી અને બાકી રહેતા કામને સત્વરે પૂર્ણ કરવા માટે ઝડપી પગલાં ભરવા જણાવવામાં આવ્યું છે. અમરેલી નગરની તમામ ૧૧૦૦૦ સ્ટ્રીટ લાઈટ શરૂ કરવા અને રીપેરીંગ પૂર્ણ કરવા માટે વીજળીક ગતિએ કામ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. આંતરિક રસ્તાઓ તેમજ અન્ય માર્ગોની તહેવારો પહેલાં રીપેરીંગની કામગીરી શરૂ કરી અને પૂર્ણ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

રાજય સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અમરેલી વિધાનસભામાં સ્વચ્છતાના કાર્યોને વેગ આપવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત માર્ગ મકાન વિભાગ પંચાયત અને સ્ટેટના તમામ કોન્ટ્રાકટરોને પણ આ બેઠકમાં હાજર રાખી અમરેલી–વડિયા–કુંકાવાવના માર્ગોને મોટરેબલ સ્થિતિમાં રાખવા માટે નાયબદંડક કૌશિકભાઈ વેકરીયાએ સ્પષ્ટ સૂચનાઓ આપી છે. આ અંગે સહેજ પણ કચાશ રાખવામાં ન આવે અને નાગરિકોને કોઈ હાલાકી ન પડે તેવા કામો કરવા માટે સૂચના આપવામાં આવી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે આ વિષયમાં નબળા કામો ચલાવી લેવામાં નહીં આવે. ગુણવત્તાયુકત કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

એસ.ટી. વિભાગ સાથે યોજાયેલી બેઠકમાં અમરેલી બસ સ્ટેશનના પ્રગતિતળેના કામને સત્વરે પૂર્ણ કરી અને નવો બસ ડેપો લોકાર્પણ થાય તે દિશામાં કામ કરવાની સૂચના આપવામાં આવી છે. અમરેલી–કુંકાવાવ તાલુકામાં ટીડીઓ સાથેની બેઠકમાં સી.સી.ટી.વીના કામ અને જાહેર સલામતીના કાર્યો સત્વરે કરવા માટે કયાં કેટલું કામ થયું છે તેની સમીક્ષા કરવામાં આવી છે.

સર્વ શિક્ષા અભિયાન હેઠળ મંજૂર થયેલા નવા ઓરડા અને તેના કેટલા કામ પૂર્ણ થયા અને બાકી કામો કયાં સુધીમાં પૂર્ણ થશે તેની વિગતો લઈ નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ શિક્ષણ વિભાગને તાકીદે કામ પૂર્ણ કરવા જણાવ્યું છે. અમરેલી માટે અતિ મહત્વાકાંક્ષી અમરેલી–લીલીયા ફોરલેન પ્રોજેકટની ખાસ સમીક્ષા કરવામાં આવી છે. જમીન સંપાદન, ગેસલાઈન અને પોલ શિફટીંગની કામગીરીની સમીક્ષા કરી આ કાર્યને ઝડપથી પરિણામ સુધી લઈ જવા જણાવાયું છે. નાયબ દંડકના મતવિસ્તારોમાં આવતા તમામ ગામમાં અને અમરેલી–કુંકાવાવ–વડિયાના અન્ય પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે કૌશિકભાઈ વેકરીયા વિવિધ વિભાગોને તાકીદે કામગીરી કરવા માટે સૂચના–માર્ગદર્શન અને આદેશ આપ્યા છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૩ | જુવાર સફેદ | ૯૦૦ | ૯૦૦ |
| ૪ | સોયાબીન | ૭૮૦ | ૭૮૦ |
| ૫ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૧૦ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૧૫૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૦૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| ૮ | બાજરો | ૩૫૧ | ૪૨૫ |
| ૯ | જુવાર | ૬૨૫ | ૯૮૪ |
| ૧૦ | મકાઈ | ૫૪૦ | – |
| ૧૧ | અડદ | ૧૫૦૦ | ૧૬૯૨ |
| ૧૨ | ચણા | ૯૭૫ | ૧૨૧૬ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૮૯૪ |

## કોળી શકિત યુવક મંડળ દ્વારા આગામી ૨૯ ઓકટો.માં લગ્નોત્સવ માટે પરિચય મેળો યોજાશે

### કેશોદ ખાતે જોડાવવા અનુરોધ

અમરેલી, તા. ૧૬

કેશોદ ખાતે જિલ્લો જુનાગઢ કોળી શકિત યુવક મંડળ દ્વારા ૬૪ મો કોળી સમાજનો વેવિશાળ મેળામાં ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજનાં ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૯/૧૦/૨૦૨૩ રવિવારનાં રોજ આયોજન કરવામાં આવેલ છે. ફોર્મ તથા માહિતી માટે પ્રમુખ રમેશભાઈ ગોહિલ અમરેલી મો.૯૩૭૪૭ ૩૪૮૨૦, હેમંતભાઈ કે.પરમાર, મુ.કેશોદ માંગરોળ રોડ, રાધે મારવેલ પાસે, મંગલધામ સોસાયટી, ચામુંડા પાન મો.૯૯૦૪૬ ૧૦૨૯૬ સંપર્ક કરવા જણાવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું

## વેરાવળ–કુંકાવાવ–ચિતલ–બાંદ્રા

જ ટ્રેન બાંદ્રાથી શનિવારે રાત્રે ૭:૨૫ કલાકે ઉપડી રવિવારે બપોરે ૧:૧૦ કલાકે વેરાવળ ખાતે પરત પહોંચશે અને આ ટ્રેનનો જુનાગઢ, જેતલસર, વડિયા દેવળી, કુંકાવાવ, લુણીધાર, ચિતલ, ખીજડીયા જંકશન, લાઠી, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, સરખેજ, અમદાવાદ, નડીયાદ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વાપી અને બોરીવલી રેલ્વે સ્ટેશનો ખાતે સ્ટોપેજ પ્રદાન થયેલ છે. એટલે કે અમરેલી જિલ્લાનાં ૬ રેલ્વે સ્ટેશનો પર આ ટ્રેન ઉભી રહેશે. તેથી સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી જિલ્લાના લોકોને આ ટ્રેનનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરેલ છે અને ટ્રેનની મંજૂરી બદલ કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજય રેલ મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશીનો સહહૃદય આભાર વ્યકત કરેલ છે.


## જાહેર નોટિસ

**મોજે–ખાખરીયા, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી.**
**રે.સ.નં. ૫૦/ ૨ઈ, હેકટર ૦–૮૩–૪૬, ખાતા નં. ૨૪૧**
**રે.સ.નં. ૫૦/૨ પૈકી ૧, હે. ૧–૧૩–૮૨, ખાતા નં. ૨૪૧**
**રે.સ.નં. ૫૦/ ૨ઈ / પૈકી ૧, હેકટર ૦–૪૩–૦૦, ખાતા નં. ૨૪૨**
**રે.સ.નં. ૫૦/ ૨ પૈકી ૧ / પૈકી ૧, હે. ૧–૩૦–૦૦, ખાતા નં. ૨૪૨**

અમો ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે ખાખરીયા, તા. વડિયા–કુંકાવાવ, જી. અમરેલી ના ખાતા નં. ૨૪૧, વાળી જમીન પરસોતમભાઈ અરજણભાઈ લીંબાસીયા ના નામે તથા ખાતા નં. ૨૪૨ વાળી જમીન મનજીભાઈ હિરાભાઈ લીંબાસીયા નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, સ્વપાર્જીત, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, ઉપરોકત વિગત વાળી જમીન એકબીજાને લાગુ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકિય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ / ખેતી / ગણોત / લીઝલાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૮માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તા. ૧૬/૧૦/૨૦૨૩
ઠે. મેઈન બજાર, પુલ પાસે,
મુ. વડિયા, (જી.અમરેલી)
મો. ૯૯૨૫૩૦૪૪૪૯

**ચંદ્રેશ આર. રોશનીયા**
**(એડવોકેટ)**
**તે તમારા અસીલની સુચનાથી**


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૩૦ |
| ૨ | ચણા | ૮૦૦ | ૧૦૬૫ |
| ૩ | બાજરો | ૩૮૧ | ૩૮૫ |
| ૪ | સોયાબીન | ૮૧૩ | ૮૭૧ |
| ૫ | ધાણા | ૯૧૫ | ૯૩૫ |
| ૬ | મગફળી | ૧૦૯૬ | ૧૧૮૧ |
| ૭ | જુવાર | ૧૧૪૮ | ૧૧૬૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૯ | ૫૫૫ |
| ૯ | તલ કાળા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | મેથી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૧ | મગ | ૧૨૫૧ | ૧૨૫૧ |

પાના ૮ ઉપરનું ચાલું

## ખનિજ માફિયાઓથી જગતાત

તો આ લોકો અમારી ઉપર ગમે ત્યારે જીવલેણ હુમલો કરી શકે તેમ છે અને રેતી ચોરી કરતાં વાહનો ડમ્પરો અને ટ્રેકટરો અમારા જીરા ગામની સીમ વિસ્તાર ખેડૂતોના ખેતરોના રસ્તા પર બેફામ ચલાવતા હોવાથી અમારા ગામના ખેડૂતોના રસ્તા પણ ખૂબ જ રાખ કરી નાખે છે. જેથી ખેડૂતોને પણ ખેતરમાં જવા–આવવામાં મુશ્કેલી પડે છે અને આ રેતી ચોરી કરતા તમામ વાહનો પરમીટ વગરના છે. જે રેતી ભરેલા વાહનોના સીસીટીવી કેમેરામાં રેકોર્ડ પણ અમારી પાસે છે. જયારે પણ આ રેતી ચોરી કરતા વાહનોને પકડવા હોય ત્યારે અમો તમામ પુરાવા આપવા તયાર છીએ તેમજ અમો ધ્વારા લાગતા વળગતા તમામ અધિકારીઓને ટેલિફોનિક રજૂઆત કરવા છતાં કોઈ નકકર પરિણામ અમોને આજ દિન સુધી મળેલ ન હોય યુધ્ધનાં ધોરણે કાર્યવાહી ન થાય તો મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી–લાઠી માર્ગ ઉપર

કેરળાના પાટીયા નજીક એક પરપ્રાંતીય મજૂરોને લઈને જતી છકડો રીક્ષાનો ચીપીયો અકસ્માતે તુટી જતા રીક્ષા ચાલકનું ઘટના સ્થળે મોત થયુ હતું.જયારે ત્રણ જેટલા લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલાઓને ૧૦૮ની મદદથી લાઠી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાથી ભારે એરરાટી ફેલાઈ પામી હતી.

આ બનાવમાં અમરેલીથી લાઠી વચ્ચે આવેલ કેરળાના પાટીયા નજીક એક પરપ્રાંતીય મજૂરોને લઈને જતી છકડો રીક્ષાનો ચીપીયો અકસ્માતે તુટી જતા રીક્ષા ચાલકનું સતિષભાઈ ગોકુળભાઈ સાટીયા (રહે. જામ બરવાળા)વાળાનું ઘટના સ્થળે મોત થયુ હતું. જયારે ત્રણ જેટલા લોકો ઘાયલ થયા હતા. જયારે બજરંગીકુમાર ભજનાથ,નિરંજલાલ લાલબાદુરભાઈ યાદવ, ભગવાનભાઈ પ્રદીપ કુમાર, આકાશગીરી વિકર્માગીરી સહિત ચાર જેટલા લોકો ઘાયલ થયા હતા ઘાયલ થયેલાઓને ૧૦૮ની મદદથી લાઠી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાંઆવ્યા હતા.આ ઘટનાથી ભારે એરરાટી ફેલાઈ પામી હતી.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **(૧) રંજનબેન અનિલભાઈ માંડવીયા (૨) તુષારકુમાર અનિલભાઈ માંડવીયા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચકકરગઢ રોડ, એન્જલ રેસીડેન્સી–૪
રે. સર્વે.નં. ૩૩૨ — સીટી સર્વે નં. NA/૩૩૨/૨૬૬
બીનખેતી પ્લોટ નં. ૨૬૬ — જેના ચો.મી. ૭૨–૯૫
રજી. દસ્તાવેજ નં. ૨૧૮૯ — તારીખ : ૨૪/૦૮/૨૦૨૨

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) પોપટભાઈ લાલજીભાઈ હિરપરા (૨) બાબુભાઈ લાલજીભાઈ હિરપરાનાં કુલમુખત્યાર તથા જાતે મગનભાઈ લાલજીભાઈ હિરપરા (૪) દકુભાઈ કાનજીભાઈ હિરપરાનાં કુલમુખત્યાર તથા જાતે કાળુભાઈ કાનજીભાઈ હિરપરા (૬) હસમુખભાઈ મધુભાઈ હિરપરા (૭) માધવજીભાઈ મોહનભાઈ હિરપરાનાં કુલમુખત્યાર બળવંતભાઈ માધવજીભાઈ હિરપરા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનાં કુલમુખત્યારનામાં ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૬/૧૦/૨૦૨૩
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૭૫ | ૧૩૩૧ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૧ | ૨૯૬૯ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૪ | બાજરો | ૩૬૬ | ૪૩૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૪૫ |
| ૬ | જુવાર | ૯૭૨ | ૧૧૨૫ |
| ૭ | અડદ | ૧૨૧૫ | ૧૬૮૧ |
| ૮ | છોલે ચણા | ૧૨૫૦ | ૨૫૨૬ |
| ૯ | ચણા | ૭૭૦ | ૧૦૭૫ |
| ૧૦ | જીરૂ | ૮૦૦૦ | ૮૦૦૦ |
| ૧૧ | અજમા | ૨૫૫૧ | ૨૫૫૧ |
| ૧૨ | રાય | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૧૩ | સોયાબીન | ૭૫૦ | ૮૨૬ |

# અમરેલી ખાતે ''મેન્ટલ હેલ્થ દિવસ'' નિમિત્તે ઇનરવ્હીલ કલબ દ્વારા રેલી યોજાઇ






અમરેલીમાં મેન્ટલ હેલ્થ દિવસ નિમિત્તે ઈનરવ્હીલ કલબ ઓફ અમરેલી ગીર દ્વારા વ્યસન મુકિત રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીમાં અન્ય બીજી સંસ્થાઓ તેમજ સ્કૂલોના બાળકો સાથે જોડાયા તેમજ કલબના મેમ્બર્સ દ્વારા સૂત્રોચ્ચાર પોસ્ટર, બેનર સાથે નાગનાથ મંદિરથી રાજકમલ ચોક થઈ ટાવર રોડ થઈ અને રેલીને પૂર્ણ કરવામાં આવી.

### દર્દીનારાયણની સેવા કરવા માટે મેનેજમેન્ટ સક્રીય

## સાવરકુંડલા : લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં પેડીયાટ્રીક અને એનઆઈસીયુ વિભાગની સુવિધામાં વધારો

### એક બાળકને નવી સુવિધાથી નવજીવન પ્રાપ્ત થયું

સાવરકુંડલા, તા.૧૬

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના પેડિયાટ્રીક તથા એન.આઈ.સી.યુ.વિભાગની ક્રિટિકલ કેર (ગંભીરથી અતિ ગંભીર) સુવિધામાં ઐતિહાસિક વધારો કરવામાં આવ્યો છે.

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના પેડિયાટ્રીક તથા એન.આઈ.સી.યુ. વિભાગમાં ઈતિહાસમાં પહેલીવાર નિયોનેટલ વેન્ટિલેટર ( તાજા જન્મેલા બાળકો માટે સ્પેશિયલ વેન્ટિલેટર ) તથા



નીયોપફ (ગંભીર થી અતિ ગંભીર બાળકોને એકથી બીજી જગ્યાએ ફેરવવા માટેનું મશીન)નું લોકાર્પણ થયું.

જોગાનું જોગ કુદરતે પણ ગોઠવેલું હોય તેમ એક ૧૨ દિવસનું બાળક આજે જ ઈમરજન્સીમાં ખૂબ ગંભીર શ્વાસની તકલીફ સાથે આવેલું જેને તાત્કાલિક વેન્ટિલેટરની જરૂર હતી. આથી ડો.ચિરાગ કાલીયા જે બાળકોના રોગોના નિષ્ણાંત છે તેમણે તેમની ટીમની સાથે આ બાળકને ભારે જહેમત ઉઠાવી તાત્કાલિક આ બાળકને વેન્ટિલેટર પર મૂકી દીધેલ અને બાળકનો જીવ બચી ગયેલ છે. કદાચ વેન્ટિલેટર ન હોત તો આ બાળકનું જીવ બચાવવું મુશ્કેલ હતું.

### ગીર વચ્ચે બિરાજતા આધશક્તિ

## કનકેશ્વરી માતાજીના મંદિરે આસ્થાભેર નવરાત્રિનો પ્રારંભ

### ઘટ્ટ સ્થાપન, ધ્વજારોહણ અને રાજભોગ ધરાયા

અમરેલી, તા. ૧૬

વિસાવદરથી આશરે ૩૦ કિલો મીટર ગિર જંગલમાં શિગવડા નદીનાં કાઠે બિરાજતાં કનકેશ્વરી માતાજીનાં મંદીરે ખુબ ભગતીમય વાતાવરણમાં આસો નવરાત્રિનો ઉત્સવનો પ્રારંભ થયો હતો. નવરાત્રિના પ્રથમ દિવસે એટલે પહેલા નોરતે સવારે શુભ ચોઘડીએ ઘટ્ટ સ્થાપન કરવામાં આવ્યું હતું ત્યારબાદ માતાજીને ધજા ચડાવવામાં આવી હતી. ત્યારબાદ માતાજીના રાજભોગ થાળ ધરવામાં આવ્યો હતો. ઘટ્ટ સ્થાપનના મુખ્ય મનોરથી રાજેન્દ્ર દયારામ મહેતા પરિવાર હતો. ગીરના જંગલની વચ્ચોવચ બિરાજતા આધશક્તિ કનકેશ્વરી માતાજીનું મંદિર ખૂબ જ પૌરાણીક અને પ્રાચીન છે અને ૮૪



જ્ઞાતિના કુળદેવી તરીકે પૂજાય છે. નવરાત્રી દરમિયાન લોકો ખૂબ જ આસ્થાથી માતાજીના દર્શને જાય છે. આ નવરાત્રી ઉત્સવ દરમિયાન આઠમા નોરતે અષ્ટમી હવનનું આયોજન કરવામાં આવેલું છે તેના મુખ્ય મનોરથી તરીકે મુંબઈ સ્થિત શેઠ અનિલભાઈ અમૃતલાલ શાહ પરિવાર છે. આજે નવરાત્રી ઉત્સવના પ્રથમ દિવસે જુનાગઢ જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ દીપકભાઈ ડોબરીયા, વિસાવદર શહેર ભાજપના મહામંત્રી નિલેશભાઈ દવે, ભાવેશ ડોબરીયા કનકેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રકુમાર જાની, મેનેજર દેવાંગ ઓઝા, રાજુભાઈ મહેતા, રમેશભાઈ પાનેરા, ઉદય મહેતા તથા માય ભકતો ઉપસ્થિતિ રહ્યા હતા.

## અમરેલીનાં બાલ ભવનમાં લોક સાહિત્ય સેતુની નિયમિત બેઠક મળી




અમરેલી, તા.૧૬

પૂજય મોરારીબાપુના રૂડા આશીર્વાદ થી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુની ૧૦૯ મી નિયમિત બેઠક બાલભવનના વિશાળ પ્રાર્થના હોલમા યોજાયેલ. પ્રારંભમા લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ પધારેલ સર્વ આદરણીય સદસ્યઓ ભાઈઓ બહેનોનુ શાબ્દિક સ્વાગત કરી આજની બેઠકનો વિગતે પરિચય આપ્યો.

આજની બેઠકમાં સર્વ સંજયભાઈ, તરૂબેન, સોનલબેન ત્રિવેદી, માલતીબેનપંડયા, તરૂબેન પાઠક, ચંદ્રકાંતભાઈ વ્યાસ જેવા કલાકારોએ પોતપોતાની આગવી શૈલીમાં માતાજીના ગરબા લીધા.તબલા ઉપર કનુભાઈએ સંગત આપી ડો.પ્રતાપભાઈ પંડયાના સુપુત્રી મનિષાબેન પંડયાના સૌજન્યથી (માતા પિતાને હુ નમુ) પુસ્તક ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું. વરસડા દરબાર દેવકુભાઈ વાળા, અમરેલી ડોકટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ, નારણભાઈ ડોબરિયા, સર્વ હસુભાઈ જોશી (ખજાનચી) મહેન્દ્રભાઈ શુકલ, પ્રખર જયોતિષી રજનીભાઈ ભટ્ટ, સોનલબેન ત્રિવેદી, હંસાબેન પંડયા, માલતીબેન પંડયા (નિવૃત બેંક કર્મચારી), જનકભાઈ દવે, ઉષાબેન દવે સમેત વિશાળ સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા અને મોજમાણી બાલ ભવનના ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, નારણભાઈ ડોબરીયા તેમજ મોટાભાઈ સંવટ કાર્યક્રમથી સંતોષ વ્યક્ત કરી અભિનંદન આપ્યા. લોકસાહિત્ય સેતુની ચાલતી પ્રવૃત્તિઓથી સંતોષ પામી મુક્ત કંઠે પ્રસંશા કરી સન્માનનો પ્રતિભાવ આપ્યો. કાર્યક્રમના અંતે મહામંત્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યુ.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### નવરાત્રિ મહોત્સવનાં પ્રારંભે

## અમરેલીમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ખેલૈયાઓએ સ્વચ્છતાનાં શપથ લીધા

### 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનું મહત્વ પ્રસ્થાપિત કર્યુ

અમરેલી તા.૧૬

રાજયવ્યાપી સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા હવે દૈનિક ધોરણે ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં આગામી બે મહિના દરમિયાન સાફ – સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે ઉપરાંત આગામી ૮ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. તા.૧૫ ઓકટોબર, ૨૩ના રોજ જિલ્લાના તમામ બસ સ્ટેશન અને રેલ્વે સ્ટેશન ખાતે વિશેષ સાફ – સફાઈ અભિયાન યોજાયું હતુ.નવરાત્રી મહોત્સવ – ૨૦૨૩માં 'સ્વચ્છતા હી સેવા' મહા અભિયાન પહોંચ્યું હતુ. શારદીય નવરાત્રીના પ્રારંભે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આયોજિત નવરાત્રી




મહોત્સવ – ૨૩ માં પોલીસ અધિકારી – કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબે રમતાં ખેલૈયાઓએ 'સ્વચ્છતાના શપથ લીધા હતા. આમ, શારદીય નવરાત્રીના પ્રારંભે ખેલૈયાઓએ 'સ્વચ્છતાના શપથ લઈને સ્વચ્છતા હી સેવા અભિયાનનું મહત્વ પ્રસ્થાપિત કર્યું હતુ. તા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ચાલનાર સ્વચ્છતા હી સેવા અભિયાનમાં જાહેર જનતા સહિત સૌ સહર્ષ જોડાઈ રહ્યા છે.દર વર્ષે અમરેલી જિલ્લા પોલીસ પરિવાર દ્વારા નવરાત્રી મહોત્સવ યોજાઈ છે. શહેરના સ્થાનિક લોકો માટે આ નવરાત્રી મહોત્સવનું અનોખું મહત્વ છે. અહીં શહેરના ખેલૈયાઓ સૌહાર્દપૂર્ણ, શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ વચ્ચે ગરબા રમીને નવરાત્રી ઉત્સવનો અનેરો આનંદ માણે છે.સમગ્ર રાજયમાં હાલ સ્વચ્છતા હી સેવા અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. આવો જિલ્લાના સૌ નાગરિકો સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં સહભાગી બનીને આપણી ભારતીય નાગરિક તરીકેની સાચી ફરજ અદા કરીએ.

## લીલીયા : જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ નાં ચેરમેન બનતા રમીલાબેન ધોરાજીયા



લીલીયા, તા.૧૬

લીલીયા મોટા જિલ્લા પંચાયત સદસ્યા રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયાને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જાહેર કરાતા લીલીયા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે રમીલાબેનનું સ્વાગત સન્માન કરવામાં આવેલ અને મો મીઠા કરી ખુશી વ્યક્ત કરવામાં આવેલ આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી મહામંત્રી ગૌતમભાઈ વિછીયા જીગ્નેશ સાવજ અઉખજ બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ ખરીદ વેચાણ સંઘના પ્રમુખ બાબુભાઈ ધામત તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ કાનજીભાઈ નાકરાણી કેપ્ટન ધામત ઘનશ્યામભાઈ મેઘાણી, ભરતભાઈ હેલૈયા, પરેશ પહાડા, આનંદ ધાનાણી, વિજય ગજેરા આર બી ભાલાળા, શાંતિભાઈ સવસવિયા મનસુખભાઈ ગાંગડીયા ધીરૂભાઈ ઉમરેઠીયા સહિતના સેલ મોરચાના હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ જ પઠાણની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીમાં સારહિ કલબ દ્વારા નિર્માણધિન તપોવન આશ્રમ ખાતે નવકાર ગૃપ દ્વારા ગાયત્રી યજ્ઞ યોજાયો






સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર' સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા, લોક સેવક મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે. તેમાં આજ રોજ તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ કેતનભાઈ મહેતા, જતીનભાઈ મહેતા, સંદીપભાઈ ત્રિવેદી સહિત નવકાર ગૃપને ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો. અને યજ્ઞ વિધી કરી, ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો બીપીનભાઈ ભરાડ, અશ્વિનભાઈ ઠાકરએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો આ તકે તુષારભાઈ જોષી પરિવાર સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહયા સારહી પરિવાર વતી હૃદય પુર્વક આભાર માનવમાં આવેલ. તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

## સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન સાથે જમીન અને ખેતીપાકોને પણ નુકસાન

# બચાવો : ખનિજ માફિયાઓથી જગતાત ગણાતા ખેડૂતો ત્રાહીમામ

**સાવરકુંડલાનાં જીરા ગામનાં સરપંચ દક્ષાબેન ચોડવડીયાએ કલેક્ટરને પુનઃ પત્ર પાઠવી યોગ્ય કરવા માંગ કરી**

**ખનિજ માફિયાઓને ગામજનો અટકાવાનો પ્રયાસ કરે તો તેઓ હુમલો કરે તેવી પણ શકયતાઓ**

**હજારો નાગરિકોને ખુલ્લેઆમ થતી ખનિજ ચોરી નજરે ચડે છે પરંતુ અધિકારીઓ અને પદાધિકારીઓ લાજ કાઢીને બેઠા છે**

**રેતી ચોરીનું દુષણ બંધ ન થાય તો મુખ્યમંત્રીનાં સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્ન મુકવાની તૈયારી**

અમરેલી, તા. ૧૬

અમરેલી, સાવરકુંડલા પંથકમાં રાઉન્ડ ધ કલોક ખુલ્લેઆમ શેત્રુંજી નદીમાંથી રેતી ચોરી થતી હોય અને ખનિજ માફિયાઓ જવાબદાર વિભાગને સાચવી લેતા હોવાથી હજારો નાગરિકોની નજર સામે થતી ચોરી જવાબદાર વિભાગને દેખાતી નથી. તેવા સમયે સાવરકુંડલાનાં જીરા ગામનાં મહિલા સરપંચ દક્ષાબેન ચોડવડીયાએ કલેક્ટરને ફરિયાદ કરી છે.



પત્રમાં જણાવેલ છે કે, અમારા જીરા ગામે શેત્રુંજી નદી આવેલી છે જે નદીમાંથી ખનિજ માફિયાઓ રાત–દિવસ બેફામ રેતીની ચોરી કરે છે અને આ લોકોને અમો અવાર–નવાર રેતી ચોરી અટકાવવાનો પ્રયાસ કરવા છતાં બંધ કરતા નથી. જેથી આ શેત્રુંજી નદીમાંથી સરકારની લાખો રૂપિયાની ખનિજ ચોરી થાય છે અને જેથી સરકારી તિજોરીને ખૂબ જ આર્થિક નુકસાની થાય છે તેમજ આ રેતી ચોરી કરતા તત્વો ખૂબ જ માથાભારે હોવાથી જો અમો તેઓને વારંવાર અટકાવવાનો પ્રયત્ન કરીએ

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાર રિક્ષાનો ચીપીયો તુટી જતા

## અમરેલી–લાઠી માર્ગ ઉપર કેરાળાનાં પાટીયા નજીક અકસ્માતમાં રિક્ષા ચાલકનું મોત

**અન્ય ૪ વ્યક્તિઓને ઈજાઓ થઈ**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં સતત અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે, આવી અવાર નવાર અકસ્માતની ઘટનામાં અનેક લોકોએ જિંદગી ખોવાનો વારો આવી રહ્યો છે. ત્યારે આજે આવી જ એક દુર્ઘટના અમરેલીથી લાઠી વચ્ચે આવેલ

અનુસંધાન પાના ૬ ઉપર



### એક જ દિવસમાં ૧૦ થી ૧૨ હજાર મણની આવક થઈ

## આનંદો : બાબરાનાં માર્કેટયાર્ડમાં નવલી નવરાત્રિનાં પ્રારંભે જ સફેદ સોના સમાન કપાસની ભરપૂર આવક

**કપાસનો ભાવ રૂપિયા ૧૩૩૦થી લઈને ૧૫૬૦ સુધી બોલાયો**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૬

અમરેલી જિલ્લો એ કૃષિપ્રધાન છે અને સમગ્ર અર્થતંત્ર કૃષિ આધીન છે. જિલ્લાનાં વેપાર–ધંધા પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ સાથે સંકળાયેલ છે. જિલ્લાનાં ખેડૂતો કપાસ, મગફળી અને ઘઉંનું વધારે વાવેતર કરે છે અને તેનો ભાવ સારો મળે તો તમામ વેપારજગતને પણ ઓકિસજન મળતું હોય છે.

ખરિફ મૌસમમાં ખેડૂતોએ લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ કપાસ, મગફળીની આવક હવે માર્કેટયાર્ડમાં શરૂ થઈ છે અને ખેડૂતો પણ મહેનતનું ફળ મેળવવા તલપાપડ છે. કારણ કે નવરાત્રિ, દિવાળીનાં તહેવારો અને બાદમાં લગ્નની મૌસમ આવતી હોય ખેડૂતો હોંશે હોંશે અને ખેતપેદાશોનો ઉંચો ભાવ મળશે તેવી આશાથી યાર્ડમાં આવતાં હોય છે.

દરમિયાનમાં બાબરા માર્કેટયાર્ડમાં નવરાત્રિનાં બીજા દિવસે મોટી સંખ્યામાં ખેડૂતો ૧૦ થી ૧૨ હજાર મણ કપાસનું વેચાણ કરવા આવી પહોંચ્યા હતા. જેના ભાવ પ્રતિ મણ રૂપિયા ૧૩૩૦ થી ૧૫૬૦ સુધી બોલાયો હતો. ખેડૂતો પ્રમાણસર ભાવ મળતાં ખૂશીનો માહોલ જોવા મળતો હતો. બાબરા માર્કેટયાર્ડનાં સત્તાધીશોએ ખેતપેદાશો માટે ૩ નવા શેડની વ્યવસ્થા કરી છે. જો કે સુકારાનાં રોગે દેખા દેતા સરેરાશ કરતાં ઓછી આવક જોવા મળી હતી તે પણ હકીકત છે.
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)